શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત માતુશ્રી જોઈતીબા વિદ્યા સંકુલની તમામ ભગિની સંસ્થાઓની

# પૂર્વ વિદ્યાર્થિનીઓનું સ્નેહમિલન અને સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત માતુશ્રી જોઈતીબા વિદ્યા સંકુલની તમામ ભગિની સંસ્થાઓની પૂર્વ વિદ્યાર્થિનીઓનું સ્નેહમિલન અને સન્માન સમારોહ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. જગદીશ ભાવસાર અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં પૂર્વ આચાર્ય નીતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ઍસ વી પટેલ કૉલેજ, અમદાવાદના આચાર્ય ડૉ. જગદીશભાઈ ચૌધરી, સાર્વજનિક બીએડ કૉલેજ, માણસાના આચાર્ય ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, એમેઝોન મેનેજર તેજલબેન પટેલ અને ડૉ. વર્ષાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત ગુજરાતી વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થનાના માધ્યમથી થઈ હતી. સ્વાગત પ્રવચન શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના આચાર્ય ડૉ. ઍમ ઍમ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. સમારોહના ઉદ્‌ઘાટક અને દાતા બબાભાઈ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને આજના સમયમાં મળેલી આઝાદીનો ઉપયોગ વ્યક્તિ વિકાસ માટે કરવાની શિખ આપી હતી. આ પ્રસંગે અભ્યાસમાં ઉજ્જવળ દેખાવ કરનાર તથા કારકિર્દીમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના હોદ્દેદાર શંકરભાઈ ચૌધરી, રણછોડભાઈ ચૌધરી, માધુભાઈ ચૌધરી, મણિભાઈ ચૌધરી, કૅમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંકલન ડૉ. લીના સ્વાદિયા અને પ્રા. ભરતસિંહ રાવ દ્વારા, સંચાલન હિરલ પટેલ, કૃપા પટેલ દ્વારા અને આભાર દર્શન ઍન કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





## જન્મદિને વધામણી



સુરેશ પ્રા ભટ્ટ
કટાર લેખક, ગાંધીનગર સમાચાર
ફોન : ૦૭૯-૨૩૨૨૬૨૫૧



પ્રિન્સ અંકિતકુમાર શાહ
મો. ૮૧૬૦૯ ૬૨૦૫૧



કેવિન પિયુષ પંચાલ

# તાલુકા-જિલ્લા ખેલ મહાકુંભમાં ચૌધરી કન્યા વિદ્યાલયનો દબદબો

ગાંધીનગર, તા. ૨૭

ખેલમહાકુંભ ૨૦૧૯માં બેસ્ટ પરફોર્મન્સ આપનાર તથા શ્રેષ્ઠતમ પરિણામ મેળવનાર ગાંધીનગર તાલુકા કક્ષાનું રૂપિયા ૨૫૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નું ઈનામ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર, સંચાલિત શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર ૭ ગાંધીનગરને પ્રાપ્ત થયું છે. તે ઉપરાંત ખેલ મહાકુંભ ૨૦૧૯નું ગાંધીનગર જિલ્લાનું જિલ્લા કક્ષાનું રૂપિયા ૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)નું ઈનામ પણ આ જ શાળાએ પ્રાપ્ત કર્યું હતું.

શાળાને ખેલ મહાકુંભ ૨૦૧૯ની તાલુકા તથા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે બિરદાવવામાં આવી છે. શાળાના તમામ કર્મચારીઓ તથા આચાર્ય રમીલાબેન એસ. ચૌધરીએ હર્ષની લાગણી સાથે વિદ્યાર્થિનીઓ તથા તેમના માર્ગદર્શક શિક્ષક લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા, તથા હેતલબેન દેસાઈને બિરદાવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. શાળા સતત ચાર વર્ષથી આ ઈનામ મેળવે છે.

## વિદ્યાર્થિનીઓ દ્વારા વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૨૭

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ધોરણ ૯થી ૧૧સાયન્સ તથા ૧૧કોમર્સ તેમજ આર્ટ્સની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ મોડેલ (વર્કિંગ નોન વર્કિંગ)ગણિતના કોયડા, ગાણિતીક સૂત્રો, આંકડાશાસ્ત્રીય માહિતી વગેરે ચાર્ટ્સ મૂકી વિદ્યાર્થીઓને માહિતીગાર કરાયા હતા.



કલોલ તાલુકાના કોઠા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ કોઠા ગ્રામ પંચાયત, બસ સ્ટેન્ડ, નાગરિક બેન્ક અને સ્વામિનારાયણ મંદિરની અભ્યાસ મુલાકાત લીધી હતી. તેમણે ચીવટપૂર્વક સઘળાં સ્થાનોનું અને ત્યાં ચાલતી કામગીરીનું નિરીક્ષણ કરી તે અંગેની માહિતી વિગતે પ્રાપ્ત કરી હતી. શિક્ષકો આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. આ સફળ મુલાકાત બદલ આચાર્ય સંજયભાઈ એલ ભગોરાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## સરદાર પટેલ વિદ્યામંદિરમાં યોગ નિદર્શન

ગાંધીનગર, તા. ૨૭

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સૅક્ટર-૭ ખાતે લાઈફ મિશન કાર્યક્રમ અંતર્ગત લકુલિશ યોગ યુનિવર્સિટી દ્વારા સંસ્કૃતિ અને યોગ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યવિશાબેન દ્વારા ભારતીય સંસ્કૃતિ અંગે વિશદ માહિતી આપવામાં આવી હતી. તેમની ટીમના વાઘેલાભાઈ અને યુનિવર્સિટીમાં યોગાભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ ભારતીય ગીતો સાથે સુંદર આસનોનું નિદર્શન કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં.

શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને માણ્યો હતો. આચાર્ય મુકેશકુમાર બી જાનીએ સૌને યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું.



સૅક્ટર-૨૩ ખાતે સ્થિત મેથોડિસ્ટ ચર્ચમાં ચાણક્ય કિડ્સ પ્લે સ્કૂલ સેક્ટર- ૨ સીનાં ભૂલકાઓએ પ્રેયર કરીને આશિર્વાદ લીધા. ક્રિસમસનું મહત્વ ચર્ચના પાસ્ટરે સમજાવ્યું હતું અને બાળકોને ક્રિસમસની શુભકામનાઓ પાઠવી હતી.




ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ક્રિસમસની ઉલ્લાસમય ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિવારના શાંતા ક્લોઝે બાળકોને વિવિધ પ્રકારની ગિફ્ટના માધ્યમથી આનંદની ભેટ ધરી હતી.

# શેઠ સી. એમ. શાળામાં સૂર્યગ્રહણનું નિદર્શન



શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં ગુરૂવારના રોજ દુર્લભ કંકણાકૃતિ સૂર્યગ્રહણનું નિદર્શન સલામત રીતે ધોરણ- ૯ થી ૧૨ના ૧૦૦૦ વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આપવામાં આવેલી કીટ વડે કરાવવામાં આવ્યું હતું. માર્ગદર્શક તરીકે વિજ્ઞાનશિક્ષકો સંજયભાઈ પટેલ, સરોજબેન પ્રજાપતિ, કનુભાઈ પટેલ, મનીષકુમાર પાથર, જયંતિભાઈ બી. પટેલ, બી. એ. પટેલ, મુકેશભાઈ પટેલ અને આચાર્ય ડૉ. ચેતના બુચ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હીરામણિ સ્કૂલનું હીર રાજ્યસ્તરે ઝળક્યું



ગાંધીનગર, તા. ૨૭

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગાંધી વિચાર વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન રાજ્ય સ્તરે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ભાગ લઈને હીરામણિ શાળા, ગુજરાતી માધ્યમની ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની વૃશાંકી અશોકભાઈ બારોટે તૃતિય ઈનામ પ્રાપ્ત કર્યું હતું. વૃશાંકીને સંસ્થાના પ્રમુખ નરહરિભાઈ અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન, મેનેજિંગ ટ્રસ્ટી વરૂણ નરહરિ અમીન, સીઈઓ ભગવતભાઈ અમીન, આચાર્ય ડૉ. ગુંજનભાઈ શાહ અને સંયોજક શિરીષભાઈ પટેલે બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

# ધોરણ ૧૨ કોમર્સ પછી બીબીએ માટે શ્રેષ્ઠ કોલેજ કઈ?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. મેં ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે.ભારતીય નૌકાદળમાં જોડાવા માટેની પરીક્ષાની માહિતી આપશો.**

**- અજિત પરમાર, જુનાગઢ**

ભારતીય નૌકાદળમાં જોડાવાની એક વધુ તક મેટ્રિક પાસ પુરુષ ઉમેદવારોને આ પરીક્ષા પૂરી પાડે છે. જે વિજ્ઞાન વિષય સાથે મેટ્રિક પાસ હોય તેમને અગ્રિમતા આપવામાં આવે છે. વયમર્યાદા ૧૪ થી ૧૯ વર્ષની છે. પસંદગી માટેની લેખિત પરીક્ષામાં બે પ્રશ્નપત્રો (૧) મેથેમેટિક્સ તથા (૨) જનરલ નોલેજના હોય છે. બંનેના મહત્તમ ગુણ ૧૦૦-૧૦૦ છે. આ લેખિત પરીક્ષાના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવામાં આવે છે અને દિલ્હી, મુંબઈ, કોલકત્તા કે બૅંગ્લોર ખાતે ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. આખરી પસંદગી પામેલા ઉમેદવારોને સામાન્ય રીતે ૩ વર્ષ માટે નેવલ ડોકયાર્ડ સ્કૂલ, મુંબઈ



ખાતે તાલીમ માટે મોકલવામાં આવે છે. આ તાલીમ દરમિયાન પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. આ પરીક્ષામાં ધોરણ-૧૦ સુધીના ગણિત અને રિઝ્નિંગના પ્રશ્નો પૂછીને આપની તાર્કિક શક્તિ માપવામાં આવે છે. જેમાં ઉત્તીર્ણ થયા બાદ આપ આગળ ના રાઉન્ડ માં જઈ શકો છો. આમ આપ આ પરીક્ષા ની તૈયારી જો નિયમિત રીતે ચાલુ કરી દો છો તો આપણે ચોક્કસ સફળતા પ્રાપ્ત થઈને જ રહેશે.

**૨. હું હાલ સરકારી નોકરીની તૈયારી કરું છું. મારી ઉંમર ૨૭ વર્ષ છે. અનેક પ્રયાસો છતા પણ સફળતા મળી શકી નથી. ઘણી વાર હતાશા અનુભવાય છે. શું કરવું?**

**- વિશાલ પટેલ, ગાંધીનગર**

આપનો આ પ્રશ્ન આપ એકલાનો નહીં પણ બીજા અનેક વિદ્યાર્થીઓને મુંઝવતો પ્રશ્ન છે. સૌ પ્રથમ તો

આપના દ્વારા, આપ અને બીજા જે પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે, તેમને જણાવવા માંગીએ છીએ કે આપે હિંમત હારવાની કોઈ જરૂરી નથી. આજના આ સ્પર્ધાત્મક યુગ માં એક વસ્તુ જે આપને સાથ આપશે એ છે આપની હિંમત અને આપની મેહનત. તો આપે મેહનત કરવાની છોડવાની નથી. અમે કહ્યું મુજબ આ સ્પર્ધાત્મક યુગમાં આપને પ્રથમ, બીજા કે ત્રીજા પ્રયત્ને સફળતા હાથ લાગે જ એ જરૂરી નથી. કોઈ વાર વધુ સમય પણ લાગી શકે છે.આ પરિસ્થિતીમાં આપે હતાશ કે નિરુત્સાહ થવાની કોઈ જરૂર નથી,પણ દરેક નિષ્ફળતાનું જરૂરી વિશ્લેષણ કરવાની જરૂર છે. એક સુવિચાર આપે વાંચેલ હશે કે "નિષ્ફળતા જ સફળતાની ચાવી છે." એટલે દરેક નિષ્ફળતા પાછળના કારણ તપાસ કરો કે આપની ભૂલ ક્યાં થાય છે અને કયા વિષયના કારણે આપ નિષ્ફળ થઈ રહ્યા છો એ ભાગ અથવા વિષય ને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરો.અને બીજી અને ખૂબ જ મહત્વ ની બાબત




એ છે કે આ પરિસ્થિતીમાં હતાશ થવાની કોઈ જરૂર નથી. તમને પહેલા કહ્યું એ મુજબ આ ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા રહેલ છે. એક જગ્યા મેળવવા માટે સરેરાશ ૩૦૦ થી વધુ વ્યક્તિ હરીફાઈમાં હોય છે.એટલે દરેક વ્યક્તિને સરકારી નોકરી મળે એ શક્ય નથી. એ સત્ય છે કે સરકારી નોકરી એક પ્રકારે આપનું ભવિષ્ય સુરક્ષિત કરે છે.પણ એ પણ જણાવી દઈએ કે સરકારી નોકરી જ સર્વસ્વ નથી.જો કોઈ કારણસર આપને

સરકારી નોકરી નથી મળતી તો હતાશ થવાની કોઈ જરૂર નથી.બીજા અનેક એવા ક્ષેત્ર છે જેમાં આપ જઈ શકો છો અને સારી એવી સફળતા પ્રાપ્ત કરી શકો છો.કહેવાય છે કે ભગવાન એક દરવાજો બંધ કરે ત્યારે બીજા દસ દરવાજા ખોલે છે.એટલે કે આપે આપની નજર ચારે દિશાઓમાં રાખવાની રહેશે અને આપ આપની લાયકાત અને મેહનત મુજબ બીજી ઘણી સારી એવી નોકરી મેળવી શકો છો.તો છેલ્લે બસ આપને કહીશું કે આપ હિંમત હાર્યા સિવાય આપની મેહનત યોગ્ય દિશામાં ચાલુ રાખો. આપને નજીક ના ભવિષ્ય માં જ આપની મનપસંદ નોકરી મળી જાય એવી પ્રભુને પ્રાર્થના. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ફોન કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મેં ઈલેક્ટ્રિકલ ઍન્જીનિયરિંગનો અભ્યાસ કરેલ છે.મને મારા ફિલ્ડની યોગ્ય સરકારી નોકરી વિશે માહિતી આપશો.**

**- જલય ભાવસાર, હિંમતનગર**

જલય, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગમાં બી.ટેક પૂર્ણ કરનાર ઉમેદવારો ઈલેક્ટ્રિકલ ઈજનેરી અને ઈલેક્ટ્રોનિક્સ ઈજનેરીના ક્ષેત્રોમાં કામ કરી શકે છે. આ ક્ષેત્રોમાં ઘણી સરકારી નોકરીઓ ઉપલબ્ધ છે. બી.ટેક ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગના સ્નાતકો યુ.પી.એ.સ.સી., એસ.એસ.સી. અને રેલ્વે ભરતી બોર્ડ દ્વારા સરકારી ક્ષેત્રે સારી નોકરી મેળવવા માટે ઘણી સરકારી પરીક્ષાઓમાં ભાગ લઈ શકે છે. જાહેર ક્ષેત્રની બૅન્કોમાં પણ આ સ્નાતકો માટે નોકરીની ઘણી તકો છે. ઉપરોક્ત જણાવેલ દરેક સંસ્થા દ્વારા સ્પેશિયલ ટેકનિકલ એન્ટ્રી થતી હોય છે. આપ ઈલેક્ટ્રિકલ ઍન્જિનીયર છો એટ્લે મોટાભાગે ઉપર જણાવેલ



બધીજ સંસ્થાઓમાં તમારી ભરતી થઈ શકે છે. તે માટે આપે અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી જરૂરી છે. આપ યૂ.પી.એસ.સી. દ્વારા લેવાતી ભારતની પ્રતિષ્ઠિત એવી એન્જીનિયરીંગ સર્વિસિસ એકઝામ (ઈ.એસ.ઈ) આપી શકો છો અને ઈંડિયન ઍન્જિનયરિંગ સર્વિસિસનો ભાગ બની શકો છો. બૅન્કોમાં પણ આપ ઈલેક્ટ્રિકલ ઍન્જિન્યરની ભરતી જ્યારે આવે ત્યારે આપ તેમાં જોડાઈ શકો છો. વિવિધ જાહેરક્ષેત્રની સંસ્થાઓ પણ આ સ્નાતકો માટે વધુ સારી નોકરીની તક આપે છે જેમ કે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ),ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ), સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ), ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો), હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) વિગેરે. એન્જિનીયરીંગમાં બી.ટેક.ના સ્નાતકો માટે રેલ્વે ભરતી બોર્ડ દ્વારા કેટલીક પરીક્ષા લેવામાં આવે છે. ભારતીય રેલવેમાં આ સ્નાતકો માટે ઉપલબ્ધ કેટલીક પોસ્ટ્સ છે જમકે સેકશન એન્જિનિયર, જુનિયર એન્જિનિયર અને ઈલેક્ટ્રિકલ ડિવીઝનલ એન્જિનિયર.આ સિવાય આપ અલગ-અલગ ઝોનમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ હેઠળ આવેલ વીજ કંપની લિમિટેડ જેવી કે ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ) એવી જ રીતે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ અને દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ વિગેરેમાં પણ ઈજનેર તરીકે અથવા તો વિદ્યુત સહાયક તરીકે જોડાઈ શકો છો. આપ સરકારી કોલેજોમાં એક શિક્ષક તરીકે પણ ફરજ બજાવી શકો છો. આપ ધ્યાન રાખજો કે ઉપરોક્ત જણાવેલ પરીક્ષાઓ અને તેના લગભગ બધીજ સરકારી ભરતીઓમાં પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. તો આમ આપની પાસે વિકલ્પ ઘણા છે. આપ એક ધ્યેય નક્કી કરો અને તેની પાછળ અથાગ મહેનત કરો, સફળતા આપને જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner